# કોરોના મહાઆફત : ત્રીજા દિવસે ૫૦,૦૦૦ની નજીક કેસ

## દેશમાં અત્યાર સુધી ૩૨,૭૭૧ લોકોએ કોરોનાના કારણે ગુમાવ્યો જીવ,૮.૮૫ લાખથી વધુ સંક્રમિતો કોરોનાને માત આપવામાં સફળ, એક દિવસમાં દેશમાં કરાયા ૫ લાખથી વધુ ટેસ્ટ

ન્યુ દિલ્હી,તા.૨૭

અનલોક-૩માં સિનેમા-જીમ વગેરે.ને ખોલવાની સંભાવના વચ્ચે અનલોક-૨ના ૨૬મા દિવસે કોરોના કેસોમાં કોઈ ઘટાડો થવાને બદલે ફરીથી ૫૦ હજારની નજીક કેસો સામે આવ્યાં છે. આજે સામવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના એટલે કે રવિવારના આંકડા જાહેર કરાયા ત્યારે કોરોનાના ૪૯,૯૩૧ કેસ નોંધાતા કુલ કેસ ૧૪ લાકને પાર કરીને ૧૪,૩૫,૪૫૩ થઈ ગયા છે. આ જ સમય ગાળામાં વધુ ૭૦૮ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ મૃત્યુઆંક વધીને ૩૨૭૭૧ સુધી પહોંચી ગયો છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૩૧,૫૦૨ દર્દીઓ સાજા થયા હતા. અ સાજા થનાર લોકોની સંખ્યા ૯,૧૮,૭૩૫ પર પહોંચી છે. વધુ કેસોની સંખ્યામાં હવે કર્ણાટકને પાછળ છોડીને આંધ્રપ્રદેશ આ યાદીમાં ચોથા સ્થાન પર પહોંચી ગયું છે. મહારાષ્ટ્ર હજુ પણ સૌથી આગળ છે. ૧ ઓગસ્ટથી અનલોક-૩ હેઠળ વધુ છૂટછાટ મળવાની શક્યતા છે. જેમાં સિનેમા થીયેટરોને તથા જીમને ખોલવાની મંજૂરી મળી શકે તેમ છે.

અન્ય દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો હુમલો ચારેબાજુથી થઈ રહ્યો હોય સતત ત્રીજા દિવસે ૫૦૦૦૦ની નજીક નવા કેસ નોંધાયા છે. આ સાથે જ કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. આરોગ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે સોમવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૧૪ લાખને પાર થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૪૯૯૩૧ કેસ નોંધાતા કુલ કેસ ૧૪૩૫૪૫૩ થઈ ગયા છે.

જોકે, એક રાહત સમાન બાબતમાં ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૧૯૯૧ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૯૧૭૫૬૮ સુધી પહોંચી ગયો છે જે કોરોના સક્રિય કેસ કરતા વધારે થઈ ગઈ છે. સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૪૮૫૧૧૪ સક્રિય કેસ છે.

દેશમાં કોરોના વાયરસના સૌથી વધારે ૩૭૫૭૯૯ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે જ્યારે ૧૩૬૫૬ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૨૧૩૭૨૩ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૩૪૯૪ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૩૦૬૦૬ કેસ નોંધાયા છે જ્યારે ૩૮૨૭ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કર્ણાટકને પાછળ છોડીને આંધ્રપ્રદેશસૌથી વધુ કેસોની યાદીમાં ચોથા સ્થાન પર પહોંચી ગયું છે. આંધ્ર પ્રદેશમાં એક જ દિવસમાં ૬૨૯૮ કેસ નોંધાયા છે જ્યારે ૧૦૪૧ લોકો મોતને ભેટ્યા છે. ત્યારબાદ પાંચમાં સ્થાન પર કર્ણાટકમાં અત્યાર સુધીમાં ૯૬૧૪૧ કેસ નોંધાયા છે જ્યારે ૧૮૭૮ લોકોના મોત થયા છે. ઉત્તર પ્રદેશ ૬૬૯૮૮ કેસ સાથે છઠ્ઠા ક્રમાંક પર છે જ્યારે ૫૮૭૧૮ કેસ સાથે પશ્ચિમ બંગાળ સાતમાં ક્રમાંક પર છે. ગુજરાત આઠમાં ક્રમ પર છે જ્યાં ૫૫૮૨૪ લોકો સંક્રમણમાં આવ્યા છે ત્માંથી ૨૩૨૬ લોકો મોતને ભેટી ચૂક્યા છે.

દેશમાં સતત ૫ દિવસથી ૪૫ હજારથી વધુ નવા કેસ આવી રહ્યા છે. સતત ચોથા દિવસે ૪૮ હજારથી વધુ કેસ વધ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૪૮ હજાર ૯૩૧ કેસ સામે આવ્યા.



### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૬૫૨૪૩૭૦ | ૬૫૩૯૫૮ | ૧૧૦૨૪૧૩૦ |
| ભારત | ૧૪૭૯૨૬૩ | ૩૩૪૩૬ | ૯૫૦૩૬૦ |
| ગુજરાત | ૫૬૮૭૪ | ૨૩૪૮ | ૪૧૩૮૦ |
| ગાંધીનગર | ૧૪૫૬ | ૮૦ | ૯૫૨ |

# સત્ર બોલાવવાની ગહેલોતની માગણી આખરે સ્વીકારાઈ

## રાજસ્થાનમાં સત્તાના રાજકારણમાં ગરમાવો : રાજ્યપાલ કાલરાજ મિશ્રા ઢીલા પડ્યા ગૃહમાં સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરવા, શરતોને આધિન રહેવા હુકમ

જયપુર, તા. ૨૭

રાજસ્થાનમાં મુખ્યમંત્રી અશોક ગહેલોત અને તેમના કેબિનેટ દ્વારા વિધાનસભા સત્ર બોલાવવાની માંગને રાજ્યપાલ કલરાજ મિશ્રએ સ્વીકારી લીધી છે. રાજ્યમાં ચાલી રહેલા રાજકીય ઘટનાક્રમ વચ્ચે સીએમ ગહલોત વારંવાર બહુમતી સાબિત કરવા માટે સત્ર બોલાવવાની માંગ કરી રહ્યા હતા. આ માટે કોંગ્રેસ અને ગહલોત ચોતરફથી રાજ્યપાલ પર દબાણ કરવામાં સફળ રહ્યા હતા. રાજ્યપાલે મુખ્યમંત્રીને ૨૧ દિવસની નોટિસ આપવા માટે આદેશ કર્યો છે. જોકે સોમવારે બપોરે વિધાનસભા સત્રો બોલાવવાની માંગનો સ્વીકાર કરતા રાજ્યપાલે કોંગ્રેસના તમામ આરોપને ફગાવી દીધા હતા.

રાજ્યપાલનું કહેવું હતું કે, રાજ્યમાં કોરોના સંક્રમણની ફેલાઈ રહેલી સ્થિતિને જોતા ઓછા સમયમાં સદનમાં તમામ ધારાસભ્યોને બોલાવવું મુશ્કેલીભર્યુ સાબિત થશે. રાજ્યપાલ મિશ્રએ રાજ્ય સરકારને વિધાનસભા સત્ર બોલાવતા પહેલા ૨૧ દિવસની નોટિસ આપવા જણાવ્યુ હતું તેમજ સદનમાં સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન અને શરતોને આધિન રહેવા જણાવ્યુ હતું.આ પહેલા કોંગ્રેસ અને સીએમ ગહેલોત રાજ્યપાલ પર ઉપરથી દબાણને તાબે થયા હોવાના આરોપ લગાવી રહ્યા હતા. ગહેલોતે આ મુદ્દે રાજ્યપાલના વર્તૂણકને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ ચર્ચા કરી હતી. આ પહેલાં કોંગ્રેસના દિગ્ગજ નેતા ચિદંબરમે રાજ્યપાલ પર આકરા પ્રહાર કરતાં કહ્યું હતું તે વિધાનસભા સત્ર બોલાવવામાં અડચણ ઉભી કરવી સંસદીય લોકતંત્રના મૌલિક આધારને નબળો કરવા જેવું હશે. વિધાનસભામાં સત્ર બોલાવવાની ગહલોતની માંગ પર વિચાર કરવામાં સમય લઈ રહેલા રાજ્યપાલ મિશ્રને કોંગ્રેસે ચોતરફથી ઘેરી લીધા હતા.

# રાફેલ ફ્રાંસથી ભારત આવવા રવાના

## ચીન અને પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે આ ફાઇટર જેટનું ભારત માટે રવાના થવું ખૂબ મહત્વનું છે

પેરિસ, તા.૨૭

અત્યાધુનિક મિસાઈલો અને ઘાતક બોમ્બથી લેસ ભારતીય વાયુસેનાનું સૌથી ઘાતક ફાઈટર જેટ રાફેલ આજે ફ્રાંસથી ભારત આવવા રવાના થઈ ચૂક્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે કુલ ૫ રાફેલ ભારત આવવા રવાના થયા છે. ચીન અને પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે આ ફાઈટર જેટનું ભારત માટે રવાના થવું ખૂબ જ મહત્વનું માનવામાં આવે છે. રાફેલ ફાઈટર જેટ રવાના થયા પહેલા ફ્રાંસમાં ભારતીય દૂતાવાસે આ પ્લેન અને ઈન્ડિય એરફોર્સના જાબાંઝ પાયલટ્સની તસવીરો શેર કરી છે. આ વિમાનોને ૨૯ જુલાઈનારોજ અંબાલામાં એરફોર્સમાં સામેલ કરવામાં આવશે. સૂત્રો મુજબ એક સપ્તાહની અંદર જ આ ફાઈટર જેટ કોઈપણ મિશન માટે તૈયાર કરી લેવામાં આવશે. આ ફાઈટર જેટના ઉડાણ માટે ૧૨ પાયલટ્સને ટ્રેનિંગ આપવામાં આવી છે. દુનિયાની સૌથી ઘાતક મિસાઈલ અને સેમી સ્ટીલ્થ ટેક્નોલોજીથી લેસ આ ફાઈટર જેટ ભારતીય સેના સામેલ થતા જ દેશની સામરિક શક્તિમાં જબરજસ્ત વધારો થશે. ભારત આવતા રાફેલ ફાઈટર જેટ્સમાં દુનિયાની સૌથી આધુનિક હવાથી હવામાં માર કરતી મીટિઆર મિસાઈલ લગાવવામાં આવી છે. રાફેલ જેટ ફ્રાંસના મેરિજનાકથી એરબેઝથી ભારત ઉડીને આવશે. ભારતીય વાયુસેનાએ આ માટે પૂરી તૈયારી કરી લીધી છે. કેમ કે રસ્તામાં આ ફાઈટર જેટ અનેક દેશની સરહદોમાંથી પસાર થઈને ભારતના જામનગર પહોંચશે. રાફેલ વિમાન ફ્રાંસથી ભારત સુધીનો પ્રવાસ લગભગ ૧૦૦૦ કિમીની ઝડપે પસાર કરશે. જોકે આ જેટની મહત્તમ સ્પીડ ૨૨૨૨ કિમી પ્રતિ કલાક છે.



આ ભારતીય રાફેલ વિમાન ફ્રાંસના અબુધાબીમાં આવેલ અલ ધાફરા એરબેઝ સ્થિત ઉતરશે. લગભગ ૧૦ કલાકના આ પ્રવાસમાં રસ્તામાં ઈંધણ ભરવા માટે બે વિમાન તેમની સાથે રહેશે. આ વિમાન અબુધાબીમાં રાતભર રોકાશે અને બીજા દિવસે ત્યાંથી ભારત આવવા રવાના થશે. આ પ્રવાસમાં બે વાર રાફેલમાં ઈંધણ ભરવામા આવશે. ભારતમાં જામનગર પહોંચ્યા બાદ આ પ્લેન અંબારા એરફોર્સ સ્ટેશન પહોંચશે. રાફેલની પહેલી સ્ક્વોડ્રોનને ૧૭ ગોલ્ડન એરો સ્ક્વોડ્રોનના પાયલટ ઉડાવશે. તેમની ટ્રેનિંગ પણ ફ્રાંસમાં પૂર્ણ થઈ ચૂકી છે.

# ભારતે ૮ ગોળા ફાયર કરતી ટી-૯૦ ટેન્ક તૈનાત

નવી દિલ્હી, તા.૨૭

ચીની સેના ભારતના પૂર્વ લદાખની ગલવાન ઘાટી સહિત અનેક વિસ્તારોથી પાછળ હટવા મજૂબર તો થઈ ગઈ, પરંતુ હવે એક્સાઈ ચિનમાં લગભગ ૫૦ હજાર પીએલએ સૈનિક તૈનાત કરી દેવામાં આવ્યા છે. એવામાં ચીનની નવી ચાલબાજીનો યોગ્ય જવાબ આપવા માટે ભારતે પણ તૈયારી કરી દીધી છે. ભારતે પહેલીવાર મિસાઈલ ફાયર કરનારી ટી-૯૦ ટેન્ક સ્કવૉડ્રન કારોકારમમાં તૈનાત કર્યા છે. સૈનિકોને લઈ જનારી બખ્તરબંધ ગાડીઓ અને ૪ હજાર સૈનિકોની ફુલ બ્રિગેડ પણ દૌલત બેગ ઓલ્ડી પર તૈનાત કરવામાં આવ્યા છે. દૌલત બેગ ઓલ્ડીમાં ભારતની છેલ્લી આઉટપોસ્ટ ૧૬ હજાર ફુટની ઊંચાઈ પર છે, જે કારાકોરામ પાસની દક્ષિણમાં અને ચિપ-ચાપ નદીના કિનારે છે. તે ગલવાન શ્યોક સંગમના ઉત્તરમાં આવેલું છે. દરબુક-શ્યોક-ડીબીઓ રોડ પર અનેક પુલ ૪૬ ટન વજનવાળી ટેન્કનો ભાર નહીં સહન કરી શકે.

જેથી ભારતીય સેનાએ ગલવાન ઘાટી હિંસા બાદ વિશેષ ઉપકરણો દ્વારા તેને નદી-નાળાને પાર મોકલી છે. રિપોર્ટ મુજબ, પેટ્રોલિંગ પોઈન્ટ્સ ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને પૈંગોગત્સો ફિંગર વિસ્તારમાં ચીનની એક્ટિવિટી બાદ સેનાએ આર્મર્ડ પર્સનલ કેરિયર્સ કે ઈન્ફેન્ટરી કોમ્બેટ વીઈકલ્સ, એમ૭૭૭ ૧૫૫ એમએમ હોવિત્ઝર અને ૧૩૦ એમએમ ગન્સને પહેલા જ ડીબીઓ મોકલી દીધા હતા. એક સૈન્ય કમાન્ડર્સ મુજબ, આ ગતિવિધિ પીએલએની આક્રમકતાના મુખ્ય ઉદ્દેશ્ય પૂર્વ લદાખમાં ૧૧૪૭ કિલોમીટર લાંબી સીમા પર ભારતીય સેનાની સાથે સંઘર્ષવાળા સ્થાનોને ખાલી કરવાના હતા, જેથી તે ૧૯૬૦ના નક્શાને લાગુ કરવાનો દાવો કરી શકે, પરંતુ આ પ્રયાસને ૧૬ બિહાર રેજિમેન્ટના જાંબાજોએ ૧૫ જૂને નિષ્ફળ કરી દીધું.

# રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૦૫૨ કેસ

ગાંધીનગર,તા.૨૭

રાજ્યમાં આજે કોરોનાનો ૨૫૪૭૪ ટેસ્ટ કરવામાં આવતા ૧૦૫૨ પોઝિટિવ કેસ ૨૪ કલાકમાં નોંધાતા છે. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૫૬ હજારને વટાવી ૫૬૮૭૪ થયો છે. રાજ્યમાં આજે ૨૨ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક કોરોનાને લીધે ૨૩૪૮ થયો છે. રાજ્યમાં આજે ૧૦૧૫ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૪૧ હજારને વટાવી ૪૧૮૦ થયો છે. રાજ્યમાં કુલ એક્ટિવ કેસ ૧૩૧૪૬ થયો છે. જેમાં આજની સ્થિતિએ ૮૧ વેન્ટીલેટર પર અને ૧૩૦૬૫ સ્ટેબલ છે. રાજ્યમાં પ્રથમવાર સતત રેકોર્ડબ્રેક દૈનિક કેસો નોંધાતા હતા તેમાં આજે સાધારણ ઘટાડો થતા આરોગ્ય વિભાગને રાહત થઈ હતી. તા. ૨૬મી જુને ૧૧૦૦ને પાર કોરોનાના કેસ થયા હતા. આજે તેમાં થોડોક ઘટાડો થઈ ૧૦૫૨ કેસ નોંધાયા છે. જેની સામે ટેસ્ટીંગનું પ્રમાણ રાજ્યભરમાં વધારી લીધું છે. આજે રાજ્યના આઠ કોર્પોરેશન અને ૩૧ જિલ્લામાં કોરોનાના કેસોનો વ્યાપ વધ્યો છે. આરોગ્ય વિભાગે આપેલ યાદી મુજબ આજે સુરત કોર્પોરેશનમાં ૫ અને જિલ્લામાં ૪, અમદાવાદ કોર્પોરેશનમાં ૪, પાટણમાં ૨, વડોદરા કોર્પોરેશનમાં ૨, ભાવનગર, જુનાગઢ, મહેસાણા, પંચમહાલ અને વડોદરામાં ૧ મોત સાથે કુલ ૨૨ મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૪ અને ૪૦ ગ્રામ્ય સાથે કુલ ૧૮૪ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૫૮૭૬ થયો છે. આજે વધુ ૪ મોત નોંધાતા અમદાવાદ શહેરમાં કુલ મૃત્યુઆંક ૧૫૭૫ થયો છે. સુરત શહેરમાં ૨૦૪ અને ગ્રામ્યમાં ૨૫૮ કેસ કોરોનાના આજે નોંધાયા હતા. આ સાથે સુરતમાં કુલ સંક્રમિતનો આંકડો ૧૧૯૩૦ થયો છે. આજે વધુ ૯ દર્દીઓના મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૩૫૬ થયો છે. વડોદરા શહેરમાં ૮૨ અને ગ્રામ્યમાં ૧૬ સાથે ૯૬ દર્દી કોરોનાના નોંધાયા હતા. આ સાથે વડોદરામાં કુલ સંક્રમિતનો આંકડો ૪૨૭૬ થયો છે. આજે વડોદરામાં વધુ ૨ મોત થતા મૃત્યુઆંક ૯૫ થયો છે. ગાંધીનગર ગ્રામ્યમાં ૨૪ અને શહેરમાં ૧૦ સાથે કુલ ૩૪ કોરોનાના કેસ નોંધાયા છે.

# રામમંદિરની ૨૦૦૦ ફૂટ નીચે ટાઈમ કેપ્સૂલ મૂકાશે

અયોધ્યા, તા. ૨૭

અયોધ્યામાં રામ મંદિરની જવાબદારી સંભાળી રહેલા રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય કામેશ્વર ચૌપાલે જણાવ્યું કે રામ મંદિરના હજારો ફૂટ નીચે એક ટાઈમ કેપ્સૂલ દબાવવામાં આવશે, જેથી ભવિષ્યમાં મંદિર સંલગ્ન તથ્યોને લઈને કોઈ વિવાદ રહે નહીં. આ કેપ્સૂલમાં મંદિરના ઈતિહાસ અને તેને સંલગ્ન તથ્યો અંગેની જાણકારી હશે. કામેશ્વર ચોપાલે જણાવ્યું કે, રામમંદિરને ચાલી રહેલા સંઘર્ષ અને સુપ્રીમ કોર્ટમાં લાંબા સંઘર્ષની વર્તમાનની અને આવનારી પેઢીને એક શીખ આપી છે. રામ મંદિર નિર્માણ સ્થળના ૨૦૦૦ ફૂટ નીચે એક ટાઈમ કેપ્સૂલ રાખવામાં આવશે, જેથી ભવિષ્યમાં કોઈ પણ રામમંદિરના ઈતિહાસનો સ્ટડી કરવા ઈચ્છશે તો તેને રામ મંદિરથી સંલગ્ન તથ્યો મળી જશે અને તેનાથી કોઈ નવો વિવાદ પેદા થશે નહીં. તેમણે જણાવ્યુ કે કેપ્સૂલને એક તામ્રપત્રની અંદર રાખવામાં આવશે. ટ્રસ્ટમાં એક માત્ર દલિત સભ્ય કામેશ્વર ચૌપાલે કહ્યું કે પાંચ ઓગષ્ટે થનાર ભૂમિ પૂજન માટે દેશની કેટલીયે એવી પવિત્ર નદીઓથી, જ્યાં માનવામાં આવે છે કે ભગવાન રામના ચરણ પડ્યા હતા, જળ અને કેટલાક તીર્થસ્થળોથી માટી લાવવામાં આવશે. પવિત્ર જળથી ભૂમિ પૂજન દરમિયાન અભિષેક કરાશે. ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્ય ગોપાલ દાસના કહેવા અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અહીંયા પાંચમી ઓગષ્ટે ભૂમિપૂજન કરશે અને શિલારોપણ કરશે. કહેવાઈ રહ્યું છે કે આ સમારોહમાં કેટલાય રાજ્યોના મુખ્યમંત્રી,કેબિનેટ મંત્રીઓ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ચીફ મોહન ભાગવત ઉપસ્થિત રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ભૂમિપૂજનને દીવાળીની જેમ ઉજવાશે. આ દિવસે આખા દેશના તમામ ઘરો અને મંદિરોને દીવડાં અને મીણબત્તીઓથી ઝળહળાટ કરવાનું આયોજન છે. ટ્રસ્ટે ગત સપ્તાહે પોતાની બીજી બેઠક બોલાવી હતી. આ વર્ષે માર્ચમાં રામ લલાની મૂર્તિને એક અસ્થાયી જગ્યા પર શિફ્ટ કરી દેવાઈ છે. સુપ્રીમ કોર્ટે ગત વર્ષ ૯મી નવેમ્બરે કેન્દ્ર સરકારને આ જમીન નિર્માણ આપવા કહ્યું હતું, તેની જવાબદારી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને અપાઈ છે.

### પ્રતિબંધ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટોક સહિતના ૫૯ એપ્સ પર પ્રતિબંધ લગાવી દીધો છે. હવે સરકાર ૨૭૫ ચાઈનીઝ એપ્સ પર નજર રાખી રહી છે. તેમાં પબજી પણ શામેલ છે. ગૃહ મંત્રાલયે હજી આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી. જો કે, આ કેસથી સંબંધિત એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું કે ચીનની એપ્લિકેશનોની સતત સમીક્ષા કરવામાં આવી રહી છે અને તેઓ ક્યાંથી ભંડોળ મેળવી રહ્યા છે તે જાણવાનો પણ પ્રયાસ કરી રહ્યો છે. અધિકારીના જણાવ્યા અનુસાર, કેટલીક એપ્લિકેશનો રાષ્ટ્રીય સુરક્ષાને ધમકી આપતી હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે કેટલીક એપ્લિકેશનો ડેટા શેરિંગ અને ગોપનીયતાના નિયમોનું ઉલ્લંઘન કરી રહી છે. લદ્દાખમાં ગલવાન વેલીમાં ભારત-ચીન વચ્ચે હિંસક ઝપાઝપી બાદ બન્ને દેશો વચ્ચે તણાવ વધી રહ્યો છે.

### આંદોલન કરશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આવા કર્મચારીઓનો વર્ગ ઘટાડો થતા કે શાળા બંધ થતા બિન શરતી કાયમી ફાજલનુ રક્ષણ આપવા માટેની માંગણી પણ હજુ સુધી સંતોષાઈ નથી. રાજયના સરકારી કર્મચારીઓનુ એરિયર્સ પાંચ મહીનામાં ત્રણ હપ્તામાં ચુકવવામાં આવ્યુ છે. જયારે ગ્રાન્ટેડ ,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને સાતમા પગાર પંચનુ એરિયર્સ પાંચ વાર્ષિક હપ્તામાં ચુકવવા માટે જાહેર કરવામાં આવ્યુ હતુ પરંતુ હજુ સુધી એક જ હપ્તો ચુકવવામાં આવ્યો છે.ગત હીસાબી વર્ષમાં બીજો હપ્તો ચુકવવાનુ બાકી છે. અને ચાલુ હીસાબી વર્ષનો તાત્કાલિક ચુકવવા પણ શાળાના કર્મચારીઓએ માંગણી કરી છે. શાળાના કર્મચારીઓની આ માંગણી નહીં સંતોષાય તો કર્મચારીઓ ગાંધી ચિંધ્યા માર્ગે રાજયવ્યાપી આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

### અજવાળું - અજવાળું

● ચોથા પાનાનું ચાલુ

દેશવિદેશના ભક્તો ઓનલાઈન પૂજાવિધિમાં જોડાઈ શકે છે. દર્શનાર્થે આવનારા યાત્રિકોને ખાસ વિનંતી કરવામાં આવી છે કે સરકારની તમામ ગાઈડ લાઈન્સનું પાલન કરે. તાજેતરમાં મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ સોમનાથ ખાતે યાત્રી સુવિધા કેન્દ્રનું ઈ-લોકાર્પણ કર્યુ હતું. ભારત સરકાર દ્વારા પ્રસાદ યોજના હેઠળ સોમનાથમાં તૈયાર થયેલ રૂા. ૪૫.૩૬ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ સંપન્ન કરાયું હતું. ટુરિસ્ટ ફેસેલીટેશન સેન્ટર, ટોઈલેટ, બાથરુમ અને કલોકરુમ, ફ્રી પીકઅપ, ડ્રોપ બસ સેન્ટર, સોલાર પાર્કીંગ, વેઈટીંગ રૂમ, સોલિડ, વેસ્ટ મેનેજમેન્ટ, પબ્લીક એડ્રેસ સિસ્ટમ, લાઈબ્રેરી, સત્સંગ હોલ, સોવેનીયર શોપ, પ્રવાસી માહિતી કેન્દ્ર વગેરેનો પ્રવાસીને લાભ મળશે. ઉપરાંત ૫૦૦ ટુ વ્હીલર, ૭૫૬ કાર અને ૮૧ બસની મર્યાદા ધરાવતું વિશાળ પાર્કિંગ, કોમ્યુનિટી કીચન, સોમનાથ મ્યુઝિયમ, ઓડિટોરિયમ, કેફેટેરીયા સહિતની સુવિધાઓ પણ પ્રાપ્ત થશે.

### ૨૪ કેસ નોંધાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉવારસદમાંથી ૨૫ વર્ષીય યુવાન તેમજ વાવોલમાંથી પણ ૬૨ વર્ષીય પુરુષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામ તાલુકાના બહિયલ ગામેથી આજે વધુ એક કેસ મળ્યો છે. બહિયલ ગામેથી ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકાના આનંદપુરા-વેડા ગામેથી આજે એક સાથે બે કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. મળતી વિગતો પ્રમાણે આ ગામેથી ૫૦ વર્ષીય પુરૂષ અને ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત પાટસા ગામેથી એક ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા અર્બન વિસ્તારમાંથી આજે એક ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. કલોલ તાલુકાના અર્બન-૧ વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત બોરીસણા ગામમાંથી એક ૮૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રકનપુર ગામેથી પણ એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરી વિસ્તારની નજીક સેમી અર્બન વિલેજ તરીકે વિકસેલા ગામોમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. સર્વેલન્સ સાથે હવે કન્ટેનમેન્ટ જોનના અસરકારક અમલીકરણની વ્યુહરચના પર તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને પણ આજે વધતા જતા કેસોને પગલે તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી અને આગળ વધવાના રોડમેપ તૈયાર કરવાની દિશામાં ચર્ચાઓ કરી હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે આજે જિલ્લામાં વધુ નવ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધી નોંધાયેલા દર્દીઓ પૈકી ૬૩૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે ૧૮,૬૯૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લામાં હાલ ૨૧૪ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

### વધુ ૧૦ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓલા કંપનીના કોડીનેટર તરીકેની કામગીરી કરતા એક ૩૮ વર્ષીય યુવક જે સે. ૨૧ માં રહે છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વિકાર્યો છે અને તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તેમને મંજૂરી આપી છે. તંત્રએ તેમના પરિવારના ૫ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. ગૌણ સેવા પસંદગી મંડળમાં નાયબ સેકશન અધિકારી તરીકે ફરજો બજાવતા અને સે. ૪-સી માં રહેતા એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રે તેમના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માં રહેતા અને ખાનગી વેપાર સાથે સંકળાયેલ એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સેક્ટર-૨૮ માંથી આજે એક ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ મહિલાના પતિ અગાઉ સંક્રમિત થયા છે. મહિલાના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. તેમજ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૧૩ માં રહેતા અને ખાનગી વ્યવસાય કરતા એક ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. ઈન્સ્યોરન્સ કંપનીમાં ઈન્ફોસીટી ખાતે નોકરી કરતા એક ૫૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૬ માં રહેતા આ કર્મયોગીને એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૨૧ માં બેગ રિપેરીંગની દુકાન ધરાવતા એક ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૫ માં રહેતા આ વેપારીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. વેપારીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેરમાં હાલ ૪૫૦ થી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. શહેરમાં નોંધાયેલા કેસો પૈકી અત્યાર સુધીમાં ૧૩ દર્દીના સારવાર દરમ્યાન મોત થયા છે. શહેરમાં નોંધાયેલા દર્દીઓ પૈકી ૩૧૯ જેટલા દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ ૧૦૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.